# નિવેદન Acknowledgement

વિક્રમ વિષયક વાર્તા-ચક્રમાં 'સિં.બ'નું સ્થાન ઘણું અગત્યનું છે. અને કેટલાક વિવેચકો તો એ વાર્તા-ચક્રમાં 'સિં.બ'ને શ્રેષ્ઠ ગણે છે.

જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં વિક્રમ સાથે સંબંધ ધરાવતી કથાઓનું સાહિત્ય સંસ્કૃત પ્રાકૃતાદિ પ્રાચીનતર રચનાઓ તથા લોકપ્રવાહને આધારે ઓછામાં ઓછું પંદરમા સૈકાથી વિકસ્યું છે, અને ઠેઠ ૧૯મા સૈકા સુધી આ પ્રવાહ અવિચ્છિન્નપણે ચાલતો આવ્યો છે. વિક્રમ વિષેનું આ ભારતવ્યાપી વાર્તાચક્ર અને તેમાં પણ 'સિં.બ'ની વાર્તાઓનો સમુદાય ગુજરાતીમાં પુષ્કળ પ્રમાણમાં નિરૂપાયો છે અને કદાચ સૌથી વધુ લોકપ્રિય પણ છે.

આપણા જૂના સાહિત્યમાં જે વાર્તા-વિષયો કે આખ્યાન-વિષયો લોકપ્રિય થયા છે એમાંના પ્રત્યેક પરત્વે એક કરતાં વધારે રચનાઓ થયેલી છે, અને એમનો તુલનાત્મક અભ્યાસ તે તે વાર્તા-વસ્તુના કે સાહિત્ય-પ્રકારનાજ માત્ર નહીં પણ સમગ્ર સાહિત્યના વ્યાપક અભ્યાસના વિષયમાં ઉપયોગી છે. આપણા જૂના સાહિત્યમાંથી આવો એકેક ઉપયોગી વિષય લઈ તમામ પ્રાપ્ય ~~[illegible]~~ સામગ્રીને આધારે એનો વિગતવાર અભ્યાસ કરવાના પ્રયત્નો અત્યારસુધીમાં વિરલ છે. એ દૃષ્ટિએ 'સિં.બ' વિશેની જૂનામાં જૂની ગુજરાતી કૃતિની — મલયચન્દ્રકૃત 'સિં.બ'ની (સં.૧૫૧૯ = ઈ.સ.૧૪૬૩) સમીક્ષિત વાચના તૈયાર કરવા સાથે 'સિં.બ'ના વાર્તા-ચક્રનો ખાસ કરીને ગુજરાતી સાહિત્યને અનુલક્ષીને તુલનાત્મક સ્વાધ્યાય રજૂ કરવાનો પ્રયત્ન આ મહાનિબંધમાં કર્યો છે.

આ સંશોધન કાર્યને અંગે અનેક સ્થળેથી સંખ્યાબંધ હસ્તપ્રતો એકત્ર કરવી પડી હતી. પ્રાચ્ય વિદ્યામંદિર (વડોદરા), ભારતીય વિદ્યાભવન (મુંબઈ), ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ), જૈન આત્માનંદ સભા (ભાવનગર), શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર (પાટણ), રાજસ્થાન પુરાતત્વમંદિર (જયપુર), ડાહીલક્ષ્મી લાયબ્રેરી (નડિયાદ) — એ સંસ્થાગત સંગ્રહો ઉપરાંત લીંબડી, વડોદરા, લીંચ (તાલુકો-મહેસાણા) વગેરે સ્થળોના હસ્તલિખિત જૈન ગ્રંથભંડારોમાંથી તથા પંડિત અમૃતલાલભોજક

(પાટણ) તથા શ્રી અગરચંદ નાહટા (બીકાનેર) એ સજ્જનોના વ્યક્તિગત સંગ્રહોમાંથી 'સિં.બ' સંબદ્ધ અનેક કૃતિઓની હસ્તપ્રતો એકત્ર કરવી પડી હતી. પાટણ અને લીંચના ભંડારોમાંથી લગભગ સાતેક પ્રતો, અંગત રસ લઈ ખૂબજ ત્વરાથી મેળવી આપવા બદલ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીનો જેટલો આભાર માનું તેટલો ઓછો ગણાય. અહીં, ઠીકઠીક લાંબા સમય સુધી એ હસ્તપ્રતો ધારનાર સંસ્થાઓ અને વ્યક્તિઓનો પણ અંતરથી આભાર માનું છું.

જેને પ્રતાપે આ બધી હસ્તપ્રતો સહજ ઉપલબ્ધ થઈ ને જેના સુયોગ્ય માર્ગદર્શને આ મહાનિબંધ તૈયાર થયો તે મારા અધ્યાપક ડૉ. ભોગીલાલ સાંડેસરાનો હું અહીં ઊંડી કૃતજ્ઞતાપૂર્વક આભાર માનું છું.